# મુખ્યમંત્રીપદેથી વિજય રૂપાણીનું રાજીનામું

## મુખ્યમંત્રીપદેથી વિજય રૂપાણીના રાજીનામાથી રાજકીય ગરમાવો : સત્તાના પાંચ વર્ષ પૂરા થતાં તાજેતરમાં જ ભવ્ય ઉજવણી કરી હતી : મુખ્યમંત્રી તરીકે જવાબદારી સોંપવા બદલ પક્ષનો આભાર માન્યો, પક્ષ સાથે મતભેદ ન હોવાનો અને જે જવાબદારી આપે તે સ્વિકારવા રૂપાણી તૈયાર

ગાંધીનગર, તા.૧૧

તાજેતરમાં જ સીએમ પદે પાંચ વર્ષ પૂરા કરનારા સીએમ વિજય રુપાણીએ આજે રાજીનામું આપી દીધું છે. આજે સીએમ સહિતના સિનિયર નેતાઓ તેમજ કેન્દ્રિય મંત્રીઓ રાજ્યપાલને મળવા માટે પહોંચ્યા હતા. રાજ્યપાલ સાથે મુલાકાત બાદ મીડિયા સાથે વાત કરતા રુપાણીએ જણાવ્યું હતું કે, તેઓ ભારતીય જનતા પાર્ટીનો પોતાને સીએમની જવાબદારી સોંપવા બદલ આભાર વ્યક્ત કરે છે. હજુ ગત મહિને જ રુપાણી સરકારે પોતાની સત્તાના પાંચ વર્ષ પૂરા થવાની મોટાપાયે ઉજવણી કરી હતી, અને રાજ્યભરમાં નવ દિવસ સુધી અલગ-અલગ કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. તેવામાં અચાનક જ રુપાણીએ રાજીનામું ધરી દેતા રાજ્યના રાજકારણમાં સોંપો પડી ગયો છે.



રુપાણીએ કહ્યું હતું કે, ગુજરાતની વિકાસયાત્રા નવા નેતૃત્વ હેઠળ આગળ ધપે તેવી ઈચ્છા સાથે તેમણે રાજીનામું આપ્યું છે. તેમણે કહ્યું હતું કે, પક્ષ દ્વારા તેમને જે પણ જવાબદારી આપવામાં આવશે તેને તેઓ ખુશી સાથે નીભાવશે. ગુજરાતની જનતાનો આભાર માનતા રુપાણીએ કહ્યું હતું કે, છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યની જનતાનો અદ્ભૂત વિશ્વાસ અને સમર્થન પ્રાપ્ત થયા છે, અને જનતાએ જ પોતાને સતત કામ કરતા રહેવાની ઊર્જા આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, પક્ષની પરંપરા છે કે દરેક કાર્યકર્તાને અલગ-અલગ સમયે અલગ-અલગ જવાબદારી સોંપવામાં આવે છે. રાજ્યમાં આવતા વર્ષે વિધાનસભા ચૂંટણી યોજાવાની છે તે પહેલા જ રુપાણીએ રાજીનામું આપ્યું છે ત્યારે ચૂંટણીનો ચહેરો કોણ હશે તે સવાલ પણ ઉભો થયો છે. આ અંગે વિજય રુપાણીએ જણાવ્યું હતું કે, ભાજપ ચૂંટણી નરેન્દ્ર મોદીના નામ પર જ લડશે. તેમણે એમ પણ કહ્યું હતું કે પક્ષ સામે તેમને કોઈ મતભેદ નથી, અને ભાજપમાં સંગઠન જ સર્વસ્વ છે. રાજ્યમાં બધું બરાબર ચાલી રહ્યું હતું ત્યારે અચાનક રાજીનામું આપવાનું કારણ પૂછવામાં આવતા રુપાણીએ ફરી કહ્યું હતું કે, ભાજપમાં આ એક સામાન્ય પ્રક્રિયા છે. ઉલ્લેખનીય છે કે, આજે સીએમ રુપાણી, ડે. સીએમ નીતિન પટેલ, પ્રદીપસિંહ જાડેજા, ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા, કેન્દ્રિય મંત્રી પુરુષોત્તમ રુપાલા, મનસુખ માંડવિયા તેમજ ભાજપના ટોચના નેતાઓ અને

● અનુસંધાન પાન-૫ પર

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૮૨ | ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૧, રવિવાર; ભાદરવા સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# આજે નવા મુખ્યમંત્રીની પસંદગી થશે

## પક્ષમાં અને મિડીયામાં ચાલતી અટકળો મુજબ મનસુખ માંડવીયા, આર. સી. ફળદુ અને પ્રફુલ્લ પટેલનાં નામો મોખરે

ગાંધીનગર, તા. ૧૧

રાજ્યના નવા મુખ્યમંત્રી કોણ થશે અને રાજ્યનું નવુ મંત્રીમંડળ કેવુ હશે તેની ચર્ચાઓ પાટનગરના ટોક ઓફ ધી ટાઉન બન્યા છે.

નવા મંત્રીમંડળમાં મુખ્યમંત્રી ઉપરાંત બે નાયબ મુખ્યમંત્રી હશે. એક આદિવાસી અને એક ઓ.બી.સી. હશે તેવી ચર્ચાઓ સાથે યુ.પી. પેટર્ન રહેશે તેમ ચર્ચાઈ રહ્યુ છે. હાલના મંત્રીમંડળમાંથી ૬ થી વધુને પડતા મુકવામાં આવશે તેવી પણ ચર્ચાઓ ચાલે છે.

નવા મુખ્યમંત્રી તરીકે નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ,



કૃષિમંત્રી આર.સી. ફળદુ, દાદરાનગર હવેલીના વહીવટદાર પ્રફુલ્લ પટેલ, ગોરધન ઝડફિયા, કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા, પુરૂષોત્તમ રૂપાલાના નામો પણ ચર્ચાઈ રહ્યા છે.

જો કે બહારથી મુખ્યમંત્રી આવે તો ગુજરાતમાં વહેલી ચૂંટણી યોજાશે તેમ મનાઈ રહ્યુ છે પરંતુ ભાજપ ડિસેમ્બર પહેલા ચૂંટણીના મૂડમાં જણાતુ નથી.

રૂપાણીને કેન્દ્રમાં લઈ જવાશે કે કોઈ રાજ્યના રાજ્યપાલ બનાવવામાં આવશે તેવી પણ ચર્ચાઓ સાંભળવા મળી રહી છે. જો કે આ બધી અટકળો વચ્ચે કાલે ધારાસભ્યોની બેઠક મળશે અને તેમાં કોની પસંદગી થાય છે તે પછી જ રાજકીય સસ્પેન્શ પુરૂ થશે. દરમ્યાન કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ રાત્રે ગાંધીનગર આવી રહ્યા છે. તેઓ કાલે ધારાસભ્યોની બેઠકમાં હાજરી આપશે કે કેમ તે વાત અંગે કોઈ સત્તાવાર જાહેરાત થઈ નથી.

# મુખ્યમંત્રી પદેથી રૂપાણીને હટાવવાના મુખ્ય કારણોની અંતરંગ ચર્ચાઓ...

ગાંધીનગર, તા. ૧૧

રાજ્યના મુખ્યમંત્રી રૂપાણીને આજે એકાએક પોતાના હોદ્દા પરથી રાજીનામુ આપવાના નિર્ણયને પગલે ભાજપ જ નહિ પણ સમગ્ર રાજ્યના રાજકારણમાં ગરમાવો આવ્યો છે.

રૂપાણીના રાજીનામાને લઈ કેટલાક કારણો રાજકીય વર્તુળોમાં ચર્ચાતા સાંભળવા મળ્યા હતા તેમાં કોરોનાની નિષ્ફળતા પછી નવા ચહેરા સાથે સામાન્ય ચૂંટણીમાં જવાની ભાજપની રાજનીતિ, ગુજરાતમાં દ. ગુજરાત પછી સૌરાષ્ટ્રમાં આમ આદમી પાર્ટીના થઈ રહેલો વિસ્તાર, રૂપાણીની વહીવટીતંત્ર પરની ઢીલી પક્કડ, સંગઠ્ઠનમાં સી.આર. પાટીલ સાથેનો વિવાદ, જન આશીર્વાદ યાત્રામાં પ્રજાનો નબળો પ્રતિસાદ સહિતના કારણો જવાબદાર માનવામાં આવે છે.

મળતી વિગતો પ્રમાણે રૂપાણી દ્વારા વારંવાર શિક્ષણ વિભાગમાં નિર્ણયોની જાહેરાત અને પછી યુટર્ન લેવાની વાત પણ કારણભૂત માનવામાં આવી રહી છે.

રૂપાણીએ આમ તો રાજીનામુ એકાએક આપ્યુ કે છેલ્લા એક સપ્તાહથી આ અંગેની ગતિવિધિઓ પક્ષમાં ચાલતી હતી તે વાત પણ ચર્ચામાં બહાર આવી રહી છે.

● અનુસંધાન પાન-૫ પર

# દિલ્હી સહિત એનસીઆરમાં ભારે વરસાદ

## એરપોર્ટના રનવે ઉપર પાણી ભરાઈ ગયાં : દિલ્હીના જખીરા અંડરપાસમાં ૧૦ ફૂટ પાણી ભરાવાના કારણે પરિવહનને અસર, તાપમાન ૩થી ૪ ડીગ્રી ઘટ્યું

નવી દિલ્હી, તા.૧૧

દેશની રાજધાની દિલ્હી સહિત એનસીઆરમાં મોડી રાતથી વરસાદ વરસી રહ્યો છે. ભારે વરસાદના કારણે અનેક વિસ્તારોમાં રસ્તાઓ પર પાણી ભરાયા છે જેથી ગાડીઓના પૈડાને બ્રેક વાગી ગઈ છે. એરપોર્ટના રનવે પર પણ દરિયાની જેમ પાણી લહેરાઈ રહ્યું છે. દિલ્હીના જખીરા અંડરપાસમાં ૧૦ ફૂટ સુધી પાણી ભરાવાના કારણે પરિવહનને અસર પહોંચી છે. આ બધા વચ્ચે હવામાન વિભાગે દિલ્હીમાં વીકએન્ડ પર મધ્યમથી ભારે વરસાદની આગાહી કરી છે.

ભારતીય હવામાન વિભાગે દિલ્હી-એનસીઆર માટે ભારે વરસાદને લઈ યેલો એલર્ટ આપ્યું છે. રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં વરસાદ અને તેજ પવન વચ્ચે તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. દિલ્હીનું તાપમાન સામાન્ય કરતા ૩થી ૪ ડિગ્રી નીચે પહોંચી ગયું છે. હવામાન વિભાગે દિલ્હી, નોએડા, ગ્રેટર નોએડા સહિત એનસીઆરના મોટા ભાગના વિસ્તારોમાં વરસાદ ચાલુ રહેશે તેવું અનુમાન લગાવ્યું છે.

ભારે વરસાદના કારણે દ્વારકા મેટ્રો સ્ટેશન બહાર દીવાલ ધસવાની ઘટના સામે આવી છે.

સાંજે ૬ વાગ્યાની બેચમાં જોડાઈ કડકડાટ અંગ્રેજી બોલતાં શીખો
નાણાવટી
The Leader Since 1996
ઘ-૨ નજીક, સે.૭બી, ગાંધીનગર. ● ફોન : ૯૬૨૪૦૧૧૫૫૫
ઓફિસ સમય : સવારે ૮ થી ૧, સાંજે ૪ થી ૮
ડેમો માટે અમારી YouTube Channelની મુલાકાત લો.
ketannanavatigandhinagar

અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા
30g પ્રોટીન
₹45* / 1 L
અમૂલ તાજા
Amul 75 YEARS OF MILK & PROGRESS
500mL: ₹23* | 15g પ્રોટીન
*એમઆરપી (બધાં કરવેરા સહિત), ટ્રાન્સપોર્ટેશન અને કૂલિંગ ચાર્જિસ સામેલ છે. શરતો લાગુ. પૂછપરછ/ઉપલબ્ધતા માટે કૃપા કરી સંપર્ક કરો: અમદાવાદ અને સૌરાષ્ટ્ર: 079-23969055/56/57

# દેશના ૫૦ ટકાથી વધુ ખેડૂતોના માથે મોટું દેવું

## સર્વે મુજબ ખેડૂતો પર જે દેવું છે તેમાંથી ૬૯ ટકા દેવુ બેન્ક, સહકારી સમિતિઓ તેમજ સરકારી એજન્સીઓનું

નવી દિલ્હી, તા.૧૧

મોદી સરકાર ખેડૂતોની આવક બમણી કરવા માટે કટિબધ્ધ હોવાની જાહેરાત કરી ચુકી છે. બીજી તરફ સરકાર દ્વારા ખેડૂતોને તેમના એકાઉન્ટમાં પૈસા જમા કરાવીને મદદ કરવામાં આવી રહી છે.

જોકે હકીકત એ છે કે, આજે પણ દેશમાં ૫૦ ટકા કરતા વધારે ખેડૂતોના માથે દેવુ છે. નેશનલ સ્ટેસ્ટેસ્ટિક ઓફિસના સર્વે પ્રમાણે ૨૦૧૯માં ૫૦ ટકા કરતા વધારે ખેડૂત પરિવારો દેવાના બોજ હેઠળ દબાયેલા હતા. દરેક પરિવાર પર સરેરાશ ૭૪૧૨૧ રૂપિયાની લોન છે.

આ સર્વેમાં કહેવાયુ છે કે, ખેડૂતો પર જે દેવુ છે તેમાંથી ૬૯ ટકા દેવુ બેંક, સહકારી સમિતિઓ તેમજ સરકારી એજન્સીઓનુ છે. જ્યારે ૨૦ ટકા દેવુ વ્યાજખોરોનુ છે. ખેડૂતોનુ જે કુલ દેવુ છે તેમાંથી ૫૭ ટકા જ લોન ખેતીના હેતુ માટે લેવામાં આવી છે.

૨૦૧૮-૧૯ના વર્ષમાં દરેક ખેડૂત પરિવારની સરેરાશ માસિક આવક ૧૦૧૨૮ રૂપિયા હતી.આ પૈકી ૪૦૬૩ રૂપિયાની આવક મજૂરીથી, ૩૭૯૮ રૂપિયાની

● અનુસંધાન પાન-૫ પર

PRARAMBH
"ek nayi Zindagi ka"
Enjoy Your Total Retirement At Prarambh (Senior Citizen Smart City) Where Woman Get Freedom From All Responsibility
HAPPY GANESH CHATURTHI
Live Luxurious Life
In Fully Furnished Villa
Only 25 Lacs Refundable
અડધા રોકાણમાં આખા જીવતરની શાંતિ
Campus Facilities:
• Theater • Mandir - Jain Derasar • Club House • Indoor-Outdoor Sports • Recreational Park
• Canara Bank • CCTV & Hi-tech Security • Central Kitchen • Shopping Area • Restaurant
• Library • GYM • Yoga Park • Medical Care
Fully Furnished Villa
Only 49 Lacs
Service @ Doorstep :
• Medical • Food • Groceries & Milk • Maid Services • Texi • Doctors • Golf Cart
• Plumber & Electrician • 24x7 Medical Care • Physytion Services • Wi-Fi Coverage
OXYGEN PARK
RESIDENTIAL PLOTTING SCHEME
Bavla, Ahmedabad (Ahmedabad - Rajkot Highway) Ahmedabad-25 KM I INT Airport - 40 KM
84960 49604 WWW.PRARAMBSMARTCITY.COM

કર્ણાવતી દાંતની હોસ્પિટલ
KARNAVATI SCHOOL OF DENTISTRY
રાહત દરે દાંતની સારવાર
(મર્યાદિત સમય માટે જ)
કેસ ફી - મફત, દાંત પાડવાના - મફત, આખુ ચોકઠું - રૂા. ૨૫૦/-
હેન્ડ સ્કેલીંગ - મફત, દાંત મશીનથી સાફ કરવાનાં રૂા. ૮૦/-
દાંતમાં ચાંદી પુરવાની - મફત, જી.આઈ. ફિલીંગ - રૂા. ૫૦/-
દાંતની તમામ સારવારના દરમાં ૨૦% વળતર
બાળકો (૧૪ વર્ષ સુધી) માટેની દાંતની તમામ સારવાર મફત
મોઢાંમાં ચાંદા અને જડબાને લગતી તમામ બિમારીનું નિદાન અને સારવાર
બી.પી.એલ. કાર્ડ ધારકોને દાંતની ઘણી સારવાર તદ્દન મફત (શરતો લાગુ*)
તમામ સારવાર કોવિડ-૧૯ SOP પ્રમાણે
સંપર્ક - ૮૮૬૬૦ ૯૬૮૦૫
અડાલજ - વાવોલ રોડ, તા. ગાંધીનગર, જી. ગાંધીનગર.
(શરતો લાગુ*)
નવા કેસ માટે સવારે ૮-૩૦ થી ૨-૩૦ સુધી (રવિવારે રજા)

દાનની નમ્ર અપીલ
અંધજનોને ચા-નાસ્તો, ભોજન કરાવવા, અનાજ કરિયાણું દાનમાં આપવા સંસ્થાની વેબસાઈટ પર જઈને દાન કરો અને રસીદ મેળવો.
દાતાઓને ઈન્કમટેક્ષમાં રાહત મળશે
www.navjyotandhjanmandal.org
નવજ્યોત અંધજન મંડળ
ખોડિયાર માતાના મંદિર પાસે, પાલડી ગામ,અમદાવાદ-380007
મો. 97268 84422

મારૂતિ સોફા
વોશીંગ & રીનોવેશન
સોફા રીપેરીંગ સ્પેશ્યાલીસ્ટ
ફ્રી હોમ સર્વિસ
ગેરન્ટી સાથે
9924244216, 9924244276
મોકાસણવાળા